# ‘મારી ભાષા ગુજરાતી’ ઓનલાઈન મંચ પર ‘અનુવાદ એક કલાકાર્ય’ વિષય પર સર્જનાત્મક વિચારગોષ્ઠી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

‘અનુવાદ કરવાના પ્રકારોમાં બાળસાહિત્યનો અનુવાદ કરવાનું સૌથી અઘરું કામ છે. બંને ભાષા પર પૂરતું પ્રભુત્વ ન હોય તો કેવળ શબ્દકોશને સહારે અનુવાદને ન્યાય નહીં આપી શકાય. કુંભાર માટીને રગદોળીને અને સુથાર લાકડું છોલીને કલાત્મક ઘાટ આપે અને તોય માટી કે કાષ્ઠનું અસલ તત્વ યથાવત રહે એવું જ અનુવાદ માટે પણ છે કે અનૂદિત ભાષામાં સર્જનકળા દેખાઈ આવે પણ લેખકનું મૂળ સત્વ જળવાઈ રહે.

જાણીતા લેખક-પત્રકાર રમેશ તન્નાએ કહ્યું કે ‘જેટલું સર્જનાત્મક સાહિત્યનું મહત્વ છે એટલું જ અનુવાદનું પણ મહત્વ છે. મૂળ સર્જન કાર્યની જેમ અનુવાદ કાર્ય પણ સર્જનાત્મક કામ છે પરંતુ એમાં વફાદારી નિભાવવું અનિવાર્ય છે. આપણા ચિત્તમાં જેટલી ને જેવીજેવી સ્ફુરણાઓ થાય છે એ એવી ને એવી આપણે ઉતારી નથી શકતા અને છતાં આપણે આપણા ચિત્તને વાચક સામે ધરી શકીએ છીએ એમ જ અનુવાદ વિશેનું ય છે કે કોઈ સારા અનુવાદકે લેખકને પ્રેતની પેઠે પોતાના મનમસ્તિસ્કમાં વળગાડની જેમ ધારણ કરવાની કુનેહ અજમાવવી પડતી હોય છે. શ્રેષ્ઠ અનુવાદમાં અનુવાદકની સર્જક જેવી જ પ્રતિભા ઝલકતી હોય છે. બહુભાષી વિશ્વમાં અનુવાદકામની માંગ સતત રહેશે અને ભલે અનુવાદકર્તા અદ્યતન મશીનો સોફ્ટવેયર આવી જાય તોપણ માનવ દ્વારા થયેલ અનુવાદની જ માન્યતા સર્વોપરી રહેશે.’ પટેલે ઉમેર્યું કે ‘મારી ભાષા’ વર્ચ્યુઅલ સાપ્તાહિક સભા



તેમ આકાશવાણીના ભૂતપૂર્વ સમાચાર વક્તા અને જાણીતા બ્લોગલેખક તેમ જ સામાજિક કાર્યકર દીપક ધોળકિયાએ કહ્યું હતું. ‘અનુવાદ એક કળાકાર્ય ‘વિષય પર ‘મારી ભાષા ગુજરાતી’ ઓનલાઈન સભામાં ધોળકિયાએ અનુવાદના કામને એક અધ્યયન કાર્ય તરીકે લેખાવતાં ઘટનાઓ, સાંપ્રત પ્રવાહોના કે માહિતી અથવા સમાચારના અનુવાદ અને વાર્તા-કથા સાહિત્યના અનુવાદનો ભેદ તારવી આપ્યો હતો. તેમણે સાહિત્યના અનુવાદ કરતી વેળા લેવાની કાળજી અને રાખવાની સાવધાનીઓ વિશે ઉદાહરણો સહીત સલાહ સૂચનો પણ કર્યાં હતાં.

વિશિષ્ઠ મૂળ કૃતિને સાવ એકદમ અનૂરૂપે જ કદાચ અનુવાદમાં વ્યક્ત કરવાનું અશક્ય અથવા બહુ અઘરું થાય પરંતુ મૂળ લેખનનો ધ્વનિ અને એનો ઢાંચો, વિષયવસ્તુ તથા એનું વાતાવરણ અનુવાદમાં ય મૂળ કૃતિનો સીધો અણસાર આપે એવી કુશળતા અનુવાદકે દાખવવી જ રહી. અને આ દક્ષતા વિદ્યાર્થી થઈને શીખવાથી હાંસલ થઈ જ શકે.

બાળ-સાહિત્યના અનુવાદ વિશે કેન્દ્રિત આ ગોષ્ઠીના આયોજક-સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે જણાવ્યું કે ‘અનુવાદનું કામ લેખક અને અનુવાદકને બ્લૂટૂથની પેઠે સમાંતરે જોડીને કરવાનું કામ છે. બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતી ભાષાકીય વિચારોના આદાનપ્રદાન હેતુથી શરુ થયેલ જે તેના સતત ૧૮ અંક સાથે હવે લેખન, અનુવાદ, ભજવણી વગેરે જેવી સર્જનાત્મક પ્રવૃતિઓનો મંચ બન્યો છે. તેમણે નવોદિત સર્જકો અને કલાકારોને અવસર મળે તે લક્ષ્યથી ‘કલાકાર્ય‘ નામે નવું પ્રવૃતિ-મંચ બેનર સ્થાપ્યું છે એ વિષે પણ જાણકારી આપી. આ પ્રસંગે રણછોડ શાહ, મીતા સંઘવી, રાજેશ પટેલ, દર્શા કીકાણી, અંજના ગોસ્વામી, યોગેશ અવસ્થી, વિજય પંચાલ, નહેદા શેખ, લીલા શિંદે, વંદના પુરાણી વગેરેએ પણ પોતાના ઉદગારો વ્યક્ત કરીને અનુવાદ પ્રવૃતિમાં સક્રિય થવાની ઈચ્છા દર્શાવી હતી.

# ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી પ્રસંગે પ્રભાતફેરી કાઢી ગાંધી ગીતોના ગૂંજનાદથી ગાંધીપ્રભાત યાદ કરાઈ



ચિલોડા, તા. ૧૫

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણીને હવે ગણ્યા ગાંઠ્યા દિવસો બાકી રહ્યા છે ત્યારે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં સંયોજક રમેશભાઈ મ. પટેલ અને ગૃહપતિ મોહનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સંકુલમાં વહેલી સવારે પાંચ વાગે પ્રભાતફેરી કાઢી ગાંધી ગીતોના ગૂંજનાદથી ગાંધીજીની દૃષ્ટિએ પ્રભાત ફેરી કેવી હોવી જોઈએ અને કેવાં પ્રભાંતિયાં ગાવાં જોઈએ તેનું નિદર્શન કરી ગાંધી પ્રભાત ફેરીને યાદ કરવામાં આવી રહી છે.


કોવિડ-૧૯ સંક્રમણમાં વિદ્યાર્થીઓ ઘરે બેઠાં છે તેવા સંજોગોમાં સંકુલમાં સૌ સેવકો, ગૃહપતિ - ગૃહમાતા, સલામતી સેવકો, આરોગ્ય કેન્દ્રના સેવકો, ગ્રંથાલયના સેવકો, ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગના સેવકો, શિક્ષક તાલીમ પ્રતિષ્ઠાન કેન્દ્રોના સેવકો, ગૌસંવર્ધન કેન્દ્રના સેવકો, દરવાજા રક્ષકો અને સેવક નિવાસી સેવકો સાથે મળી સ્વેચ્છાએ, સમયસર; ઉત્સાહભેર ગાંધી ગીતો ગાઈ, સંકુલમાં વહેલી સવારની પ્રભાતે જાણે મહાત્મા ગાંધીની સાક્ષાત હાજરી હોય તેવું વાતાવરણ ઊભું કર્યું હતું. ડૉ. ભરતભાઈ પટેલને ઢોલક વગાડી, ગોવિંદ વાઘેલાએ ખંજરી વગાડી, પ્રદિપ રાઓલે મંજીરા વગાડી, ગાંધી ગીતોના ગાયક જગદીશ પરીખને સાથ સહકાર આપી ગાંધી પ્રભાત ફેરીને સફળ બનાવી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે વનસપ્તાહની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧૫

ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજામાં રાષ્ટ્રીય સેવા યોજના અને ઉન્નત ભારત અભિયાન અંતર્ગત વન્યજીવ સંરક્ષણ સંવેદના જાગૃતિ કાર્યક્રમનું આયોજન તારીખ ૧૩મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ગૂગલ મીટના માધ્યમથી રાખવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય વક્તા તરીકે હેમંતભાઈ સુથાર, નાયબ વન સંરક્ષણ (નિ.) હતા. તેમણે જણાવ્યું હતું કે વન્યજીવન સપ્તાહ, ૨જી ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર રાખવાનો ઉદ્દેશ્ય ‘ગાંધી જયંતિ’ અને અહિંસાના મૂલ્યને માનવ જીવનમાં વધુ વિકસીત કરવા માટેનો છે. તેમણે પૃથ્વીના સર્વ જીવોનું ટકાણપણું, તેની સમસ્યાઓ,




વૈશ્વિક ગેરકાયદેસર વન્ય જીવ વેપાર, લુપ્ત થતી વિવિધ જાતિ અને રેડ લીસ્ટની આંકડાકીય માહિતી આપી હતી.

વિવિધ જીવો લુપ્ત થશે તેની માનવજીવન પર થતી અસરો અને સમગ્ર લાઈફ સાઈકલને થતી અસરો અંગે પણ ચર્ચા કરી હતી.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સંયોજક ડૉ. રાજીવનભાઈ પટેલનું માર્ગદર્શન મળ્યું હતું. એન.એસ.એસ.ના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈન અને ડૉ. હસમુખ પંચાલ દ્વારા સંચાલન થયું હતું. ડૉ. સતીષભાઈ અને સમગ્ર ટીમ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવા સહકાર મળ્યો હતો. યુવાન વિદ્યાર્થીઓએ ઉમકળા ભેર ભાગીદારી નોંધાવી હતી.

**સોજા હાઈસ્કૂલના ઉપક્રમે**

# કોવિડ-૧૯ જન આંદોલનના ભાગ રૂપે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ‘શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા’ના ઉપક્રમે આજ રોજ શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. ભારત સરકાર દ્વારા ચાલતા કોવિડ ૧૯ જન આંદોલનના ભાગ રૂપે સરકારની ગાઈડ લાઈનનું અમલીકરણ કરવા સંબંધી વિવિધ શરતોનું સ્વૈચ્છિક પાલન કરવા સબબ શાળાના યોગ શિક્ષકશ્રી સંજયભાઈ નાયક દ્વારા નીચે મુજબના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

‘હું શપથ લઉં છું કે,...

- હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું.
- હું દરેકથી ઓછામાં ઓછું ૬ ફૂટ નું અંતર જાળવીશ.
- હું વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝ કરતો રહીશ.
- હુંમારી તથા મારા સ્વજનોની રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવીશ અને યોગ-વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારીશ.
- હું મારા પરિવાર સહિત સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખીશ.’

સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, સરાહનીય, રસપ્રદ, રોમાંચક, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રેરણાદાયી, પ્રશંસનીય, આકર્ષક, અભિપ્રેરક અને અનુકરણીય બની રહ્યો હતો.

# રાજ્યની તમામ સરકારી શાળા-મહાશાળાઓનો ગણવેશ એક સમાન હોવો જોઈએ...??

ગણવેશ(ડ્રેસ) એ શિસ્તનું પ્રતીક છે, શિસ્તનું પ્રથમ પાસું છે. આમ તો જે-તે શાળા, મહાશાળા, વિશ્વવિદ્યાલયો, વિદ્યાપીઠો, સંસ્થાઓ, નિગમો વગેરેને પોતપોતાનો ખાસ ગણવેશ હોય છે, અમુક નિગમો કે સંસ્થાઓને તો તેના કર્મચારીઓ કે કાર્યકરોના ગણવેશ પરથી ઓળખી શકાય છે! સમાન ગણવેશ રાખવાનો મુખ્ય હેતુ છે- શિસ્ત, ઓળખ અને સમાનતા-એકસૂત્રતા જળવાઈ રહે એ હોય છે. એક કારણ એ પણ હોય છે, કે શાળા-મહાશાળા કે સંસ્થામાં દરેક જ્ઞાતિ-વર્ણ-સમાજ કે વિવિધ ધર્મના વિદ્યાર્થીઓ, અમીર-ગરીબ, હોશિયાર-નબળા વગેરે દરેક પ્રકારના વિદ્યાર્થીઓ અધ્યાપન અર્થે આવતા હોય છે. અમીર ઘરનાં બાળકો રોજેરોજ નવાંનવાં અને બ્રાન્ડેડ કપડાં પહેરીને આવી શકે છે, પરંતુ ગરીબ કે મજૂરવર્ગનાં બાળકો માટે આ બાબત શક્ય નથી, તેઓને એક જોડી કપડાંનાં પણ ફાંફાં હોય છે! આ હકીકત છે. આવી પરિસ્થિતિમાં શાળામાં ગરીબ વિદ્યાર્થીને મનદુઃખ ન થાય એટલા માટે ગણવેશ જરૂરી છે અને રાખવો જ જોઈએ. ગણવેશના કારણે બધાં સમાન થઈ જાય છે. ઊંચ-નીચ, અમીર-ગરીબ વગેરે બાબતો ધ્યાનમાં આવતી નથી અને શિસ્તનું પાલન પણ થાય છે, એ માટે ગણવેશ મહત્વની ભૂમિકા ભજવે છે.

હવે, વાત કરવી છે સરકારી શાળાઓના ડ્રેસ-ગણવેશ વિશે. ગુજરાત રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કે ખાનગી બધી શાળા-મહાશાળાઓમાં ગણવેશ તો હોય જ છે, પણ શાળાદીઠ અલગ-અલગ!! આ બાબત થોડી અજુગતી લાગે છે, વાંધો તો નથી તો પણ! ઘણા રાજ્યોમાં તમામ સરકારી શાળાઓનો ગણવેશ એક સમાન હોય છે. આપણા પડોશી રાજ્ય રાજસ્થાનમાં પણ રાજ્યની તમામ સરકારી શાળાઓનો ડ્રેસ એક સમાન છે. એક સમાન ગણવેશ રાખવાથી રાજ્યના કોઈપણ વિસ્તારનો વિદ્યાર્થી હોય તો તેના ગણવેશ પરથી જ ખબર પડી જાય કે આ સરકારી શાળાનો વિદ્યાર્થી છે! આ બાબત ખરેખર ખૂબ સારી છે અને સમાનતા દર્શાવે છે. જ્યારે ગુજરાતમાં શાળાદીઠ અલગ-અલગ ગણવેશ!! આ થોડું વિચિત્ર લાગે છે!! આવું ન હોવું જોઈએ. બધું રંગરંગીલું થઈ જાય છે, નવરંગી દુનિયા જેવું! મારું-તારું જેવી માનસિકતા જોવા મળે છે. રાજ્ય સરકારે, શિક્ષણમંત્રીશ્રીએ રાજ્યના શૈક્ષણિક વિદ્વાનો સાથે વિચાર-વિમર્શ કરી આ બાબતે ધ્યાન દોરવું જોઈએ અને ચર્ચા-વિચારણા કરી આખા રાજ્યમાં એકસમાન ગણવેશ પસંદ કરવો જોઈએ. અને ગણવેશ પસંદ કરવો કે સમયાંતરે ફેરફાર કરવાનો અધિકાર માત્ર શિક્ષણમંત્રીશ્રીને જ હોવો જોઈએ. આવું કરવાથી રાજ્યના કોઈપણ ખૂણે વસતો વિદ્યાર્થી તેના ગણવેશ પરથી જ ઓળખી શકાય ને ખબર પણ પડે કે આ સરકારી શાળાનો વિદ્યાર્થી છે. જે ગણવેશ નક્કી કરવામાં આવે તેનો ઓછામાં ઓછા દસ વર્ષ સુધી અમલ કરવામાં આવે. પ્રાથમિક(ધો.૧થી૮), માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક, સરકારી કૉલેજો પ્રમાણે અલગ-અલગ રંગનો ગણવેશ રાખી શકાય, જેના કારણે ગણવેશ પરથી જાણી શકાય કે વિદ્યાર્થી પ્રાથમિકનો છે, માધ્યમિકનો છે કે કૉલેજનો. રાજ્યની તમામ સરકારી શાળા-મહાશાળાઓનો એક સમાન ગણવેશ રાખવાથી સમાનતા, એકસૂત્રતા જળવાઈ રહે છે.

- સુથાર કેશાભાઈ કુંપાભાઈ
મો. ૯૬૨૪૬૬૪૩૭૯

# ઓનલાઈન થિયરી સાથે પ્રેક્ટિકલ પણ એટલું જ જરૂરી - ધ અર્થીંગ ગ્રુપ

ઓનલાઈન લેકચર માં માત્ર થિયરી નહી પણ પ્રેક્ટિકલ એક્ટિવિટી પણ એટલી જ જરૂરી છે.

૯ દિવસીય વર્કશોપ માં એક્ટિંગ, મ્યુઝિક, બોડી મુવમેન્ટ, વોઈસ મોડ્યુલેશન, ઈમ્પરોવાઈઝેશન, એક્રરિંગ, પ્રોડક્શન, થિયેટર હિસ્ટ્રી જેવા બધા જ વિષયો પર થિયરી અને પ્રેક્ટિકલ એક્ટિવિટી સાથે યોજાયો. જેમાં કમલ જોશી, રાજુ બારોટ, સોહન માસ્ટર, સાદીકનૂર પઠાણ, હર્ષલ વ્યાસ , કીર્તન ઘારેખાન, ચિરાગ પારેખ અને પ્રફુલ પંચાલ એ અવનવી થિયેટર ની પ્રેક્ટિકલ એકટીવીટી અને ટાસ્ક સ્ટુડન્ટસ પાસે પર્ફોર્મ કરાવી.





પ્રેક્ટિકલ એકટીવીટીથી સ્ટુડન્ટસ એ ઘર માં જ રહીને આર્ટવર્ક અને પ્રોડક્શન કર્યું, બોડી મુવમેન્ટ્સ દ્વારા અભિનય શીખ્યા, વોઈસ અને મ્યુઝિક એક્સરસાઈઝ થી પોતાના અવાજ ને કેળવ્યો, ઈંપ્રોવાઈઝેશન થી ઓછા સમય માં પરફોર્મન્સ તૈયાર કરતા શીખ્યા.

સાદિક નૂર પઠાણ એ વોઈસ ઉપર વાત કરતાં કહ્યું કે એક્ટર અને વ્યક્તિ તરીકે હેલો કોમ્યુનિકેશન અવાજથી થાય છે એટલે એક્ટરે તેના અવાજનું ખાસ ધ્યાન રાખવું જોઈએ અને તેના પર કામ કરવું જોઈએ. અ એ અવાજનો મૂળ છે, અવાજ પર કામ કરવા હૂંફાળું ગરમ પાણી પીવું જોઈએ, આ સિવાય ઓમકાર સાયન્ટિફિક ધ્વનિ છે, તેનાથી આંતરિક મેલ દૂર થાય છે.

કીર્તન ઘારેખાન એ થિયેટરના મ્યુઝિક વિશે વાત કરતાં કહ્યું કે થિયેટરમાં લાઈવ મ્યુઝિક અને રેકોર્ડિંગ મ્યુઝિક ની મજા અલગ હોય છે, મ્યુઝિક તમને તમારી જાત સાથે મળાવે છે.

કમલ જોષી એ જણાવતા કહ્યું કે કોઈ પણ આર્ટિસ્ટ ને જ્યારે કોઈ પાત્ર ભજવવાનું હોય છે ત્યારે તેણે તેના જીવનની નાની-નાની વાતોને જે પ્રમાણે ઓબ્ઝર્વ કરી હોય, અને આર્ટિસ્ટ ના જીવનમાં જે ઘટનાઓ બની ગઈ હોય તે વાતો અને ભાવનાઓને જ્યારે આર્ટિસ્ટ કેરેક્ટરમાં ઢાળે છે ત્યારે તે પાત્ર લાઈવ લાગે છે.જાણીતા એક્ટર અને એક્રર સોહન માસ્ટર એ જણાવતા કહ્યું કે , એક્રરિંગ અને એક્ટિંગ બને અલગ વસ્તુ છે, એક્રરિંગ માટે સતત વાંચન ખૂબ જરૂરું છે અને એક્ટિંગ માટે ઓબ્ઝર્વેશન ખૂબ જરૂરી છે.

થિયેટર ક્યારે ચાલુ થશે એ નક્કી નથી, પણ ધ અર્થીંગ ગ્રુપ એ બ્રેક નથી મારી, અને સતત ૫ ઓનલાઈન થિયેટર વર્કશોપ કરીને થિયેટર ની કલા ને જીવંત રાખી છે. ધ અર્થીંગ ગ્રુપ અને ટિમ ના પ્રફુલ પંચાલ, ચિરાગ પારેખ, ચિરાગ દેશાણી, મૈત્રી દવે,પરિધી શેલત, દીપ પંચાલ, અક્ષત દરજી, શિવમ જાની ના સહયોગ થી આ વર્કશોપ પૂર્ણ થયો.

**ડાયરેક્ટ સે**

કિંમતી તો ઘણું બધું હોય છે જીવનમાં....
પણ...
દરેક વસ્તુની કિંમત ફક્ત સમય જ સમજાવી શકે છે...

## જન્મદિને વધામણી



જીગ્નેશકુમાર સોની
મો. ૯૯૭૮૬ ૨૭૨૭૯



નરેન્દ્ર ડી રાવલ
મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯



વૃતિકા યુ પાનવાલા
મો. ૯૮૯૮૫ ૭૫૬૫૦



માર્મિક ચંદ્રકાંત હાજીપરા



દેવ ચેતન ત્રિવેદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...